
# સાબરકાંઠા - બનાસકાંઠા યોગમય બન્યું

**● હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં યોગ**

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ ભેટ એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી પ્રતિ વર્ષ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રવિવારના રોજ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં યોગ નિદર્શન કરાયું હતું. યોગ નિદર્શન સાબરકાંઠા સાસંદ દીપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ શંકરભાઈ કહાર, મહેસૂલ સચિવ વી. પી. પટેલ, જિલ્લા સમાહર્તા પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન સહિત અધિકારી - પદાધિકારીગણ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

**● અરવલ્લી જિલ્લો યોગમય બન્યો**

સમગ્ર વિશ્વ યોગ દિનની ઉજવણી કરી રહયુ છે. અરવલ્લી જીલ્લામાં પણ યોગ દિનની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લામાં ઉજવણીના ભાગરૂપે જીલ્લામાં ૧૦૬૧ જગ્યાએ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ૧ લાખથી પણ વધુ બાળકોએ ભાગ લીધો હતો. સારા સ્વાસ્થય અને નીરોગી જીવવા માટે સરળ અને સાદો ઉપાય છે યોગ લોકો યોગ કરવા માટે પ્રેરાય તે માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજના દિવસને વીશ્વ યોગ દીન તરીકે ઉજવવાનો નિર્ણય લીધો હતો ત્યારે અરવલ્લી જીલ્લામાં પણ વીશ્વ યોગ દીનની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લામાં મોડાસા ખાતે મુખ્ય સેન્ટર મોડાસાની કે. એન. શાહ. હાઈસ્કુલમાં રાખવામાં આવ્યુ હતુ. જયાં રાજયના ગૃહ મંત્રી રજનીભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટય કરીને યોગની શરૂઆત કરવામાં આવી હતી. મોડાસામાં કુલ ૯ જગ્યાએ યોગનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. મોડાસાની કે. એન. શાહ હાઈસ્કુલ સરસવતી વિદ્યાલય શાસ્ત્રી મેદાન કોલેજ કેમ્પસ મદની હાઈસકુલ મખદુમ હાઈસ્કુલ એમ અલગ અલગ જય્યાએ યોગ ગોઠવવામાં આવ્યા હતા. આ બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જેમાં મોડાસાના અગ્રણીઓએ પણ યોગ કર્યા હતા. ત્યારે અરવલલી જીલ્લા કલકેટર એસ. છાકછુઆક જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા, જીલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલ, નગરપાલિકા પ્રમુખ એસ આર પટેલ, સમગ્ર લોકોએ ઉપસ્થીત રહી આ યોગમાં ભાગ લીધો હતો અને બાળકોમાં જોમ પુરૂ પાડયુ હતુ.

વધુમાં આ પ્રસંગે પધારેલા ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલે સ્ટ્રેસમાં રહેતી પોલીસને યોગ કરવા માટે સલાહ આપવામાં આવી હતી. જયારે બીજી બાજુ બાયડ ખાતે પણ આ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, પ્રાંત અધિકારી પ્રજાપતીના રાહબરી હેઠળ બાયડની સારસ્વત હાઈસ્કુલ એન એચ શાહ હાઈસકુલ તક્ષશીલા વીદ્યાલય ગાયત્રી શકતીપીઠ ખાતે પણ યોગ દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ યોગમાં સમગ્ર અરવલ્લી જીલલામાં ૭૬ જેટલા અધિકારીઓ સહિત કર્મચારીઓએ યોગની ઉજવણીમાં ભાગ લીધો હતો.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**● મોડાસા શહેરના કે. એન. શાહ હાઈસ્કૂલ ખાતે યોગ નિદર્શન કરાયું**

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ ભેટ એવી યોગ વિદ્યાને વૈશ્વિક વિરાસતમાં સામેલ કરી પ્રતિ વર્ષ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રવિવારના રોજ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસની કે. એન. શાહ હાઈસ્કૂલ ખાતે જિલ્લા પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલની ઉપસ્થિતિમાં યોગ નિદર્શન કરાયું હતું. યોગ નિદર્શનમાં અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નેહાબેન પટેલ, મોડાસ નગરપાલિકાના પ્રમુખશ્રી એસ. આર. પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કેળવણી મંડળના પ્રમુખશ્રી બિપીનભાઈ શાહ, જિલ્લા ક્લેક્ટર શ્રી એસ. છાકછુઆક, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધીર પટેલ સહિત અધિકારી-પદાધિકારીગણ અને મોટી સંખ્યામાં નગરજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● ભિલોડાની એન.આર.એ શાળામાં યોગ દિવસ ઉજવાયો**


(તસવીર : જય અમીન, મોડાસા)

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તા.૨૧મી જુન પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ નિમિત્તે તાડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં વિવિધ સ્થળોએ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રાથમીક શાળા અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, સામાજીક કાર્યકરો, જાગૃત પ્રજાજનોએ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગ કરી ઉજવણી કરી હતી. ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયના મેદાનમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા પતંજલી યોગ સમિતીના હોદેદારો, કાર્યકરો, ઉર્વશીબેન બરંડા, હસમુખભાઈ બરંડા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, કાંતીલાલ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ પંચાલ, રામઅવતાર શર્મા, કમલેશભાઈ મહેતા, બિનાબેન ત્રિવેદી, ગાયત્રીબેન પટેલ, ભિલોડા એન.આર.એ. વિદ્યાલય સહિત વિવિધ શાળાઓ, કોલેજોના વિદ્યાર્થીઓ, ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારીઓ સહિત જાગૃત પ્રજાજનોએ ૨૧મી જુન પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ કર્યા હતા. ભિલોડા પતંજલી યોગ સમિતીના હોદેદારો, કાર્યકરોએ ૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીના કાર્યક્રમને સફળ બનાવવા સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ૨૧મી જુન પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી નિમિત્તે આનંદની લાગણી પ્રસરી હતી.

**● ૧૦ લાખથી વધુ નાગરિકો યોગમાં જોડાયા**

૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની બનાસકાંઠા જિલ્લામાં ભારે હર્ષ અને ઉત્સાહભર્યા માહોલમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૬ વાગ્યા પહેલાથી જ નાગરિકો ઉત્સાહભેર નક્કી કરેલ સ્થળોએ ઉમટી રહ્યા હતા. સવા છ વાગ્યા સુધીમાં તો દરેક સ્થળોએ વિશાળ સંખ્યામાં લોકો યોગા કરવા પોતાના સ્થળે ગોઠવાઈ ગયા હતા. આ પ્રસંગે પાલનપુર ખાતે પાંચ સ્થળોએ જિલ્લા કક્ષાના કાર્યક્રમ યોજાયા હતા. પોલીસ પરેડ ગ્રાઉન્ડ, સ્વસ્તિક સ્કૂલ, જોરાવર પેલેસ સંકુલમાં બગીચો, કર્ણાવત હાઈસ્કૂલ અને બિહારી બાગ પાસે આવેલ સ્વામી નારાયણ ગુરુકૂળ સ્કૂલ કેમ્પસ, યોગના નિષ્ણાતો દ્વારા વિવિધ યોગાસનો અને સુક્ષ્મે ધ્યાન કરાવવામાં આવ્યું હતું. જેમાં સૌ સારી રીતે સામેલ થયા હતા. વિદ્યાર્થીઓ અને ઘણા વીડોલ સારી રીતે યોગાસનો કરી રહ્યા હતા.

**● મહેસાણામાં ચાર લાખથી વધુ યોગમાં જોડાયા**


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

યોગ એ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન છે. આ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ૨૧ જુન ૨૦૧૫ના રોજ વિશ્વ યોગ દિવસ તરીકે માન્યતા મળી છે. સમગ્ર વિશ્વમાં પ્રથમ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. મહેસાણા જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. સમગ્ર મહેસાણા જિલ્લામાં ૧૫૦૦ જેટલા સ્થળોએ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. જેનો શુભારંભ આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે કરાવ્યો હતો. મહેસાણા જિલ્લાના વિવિધ સ્થળોએ ચાર લાખથી વધુ શિબિરાર્થીઓએ યોગ નિદર્શન રજુ કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રીશ્રી નીતીનભાઈ પટેલે જણાવ્યું કે ભારતનો ભવ્ય ભુતકાળ અને ઐતિહાસિક વિરાસતને ઉજાગર કરવાનું ઉત્તમ કામ વિશ્વ યોગ દિવસથી થયું છે. સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિને પ્રસ્થાપિત કરી જગત ગુરુ તરફ પ્રયાણ કરી રહ્યું છે. યોગ એ ભારતની પુરાતન સંસ્કૃતિની ઉત્તમ દેન છે. સમગ્ર વિશ્વના કલ્યાણ અર્થે પ્રધાનમંત્રીશ્રીના પ્રયાસોથી આજે વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

**● ખેડબ્રહ્મામાં યોગ માટે લોકો ઉમટયા**

વિશ્વ યોગ દિન નિમિત્તે ખેડબ્રહ્મા શહેરમાં ચાર જગ્યાએ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જયોતિ હાઈસ્કુલ, પોલીસ ગ્રાઉન્ડ, શેઠ કે.ટી. હાઈસ્કુલ અને છત્રપતિ શિવાજી ઉદ્યાનમાં લોકો યોગ કરવા ઉમટી પડયા હતા. ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી વી.આર. સકસેના, મામલતદાર એચ.એન. મોદીએ પણ ભાગ લીધો હતો. આ ઉપરાંત મહિલાઓ પણ જોડાઈ હતી આ કાર્યક્રમ માટે નાયબ મામલતદાર પી.બી. જોષી અને ચીફ ઓફીસર દિનેશ ભાટીયાએ જહેમત ઉઠાવી હતી.

## તલોદમાં કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ કાર્યક્રમની ધામધૂમથી ઉજવણી


(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

તલોદ, તા. ૨૧

તલોદની પ્રાથમિક શાળા નં. ૧ અને ૨ માં શનિવાર સવારે રાજ્યકક્ષાના મહાનુભાવો, અધિકારીઓ, રાજકીય અગ્રણીઓ, શિક્ષક ગણ તેમજ વાલીવર્ગની હાજરીમાં કન્યા કેળવણી અને પ્રવેશોત્સવનો રંગારંગ કાર્યક્રમ ભારે ઉત્સાહપૂર્વક યોજાઈ ગયો.

તલોદ મધ્યે આવેલ પ્રાથમિક શાળાઓમાં શનિવાર સવારે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ અંતર્ગત આદિજાતિ વિકાસ નિગમના ચેરવુમન રમીલાબેન બારાના અધ્યક્ષસ્થાને સુંદર કાર્યક્રમ યોજાયો હતો. પ્રાર્થના ગીતથી મહેમાનોનું સ્વાગત કરી ફળફળાદીની ભેટ અર્પણ કરી હતી. ચેરવુમન રમીલાબેને ધો. ૧માં ૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવી પુસ્તકો, દફતર તથા ચોકલેટથી મોં મીઠું કરાવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પુર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, સંસદસભ્ય દિપસિંહ રાઠોડ, પુર્વ જિલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડ, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ પટેલ, અધ્યક્ષ અશોકભાઈ શાહ, ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ ગજજર, ચીફ ઓફિસર સતીષભાઈ પટેલ, બીઆરસી જિગ્નેશ પટેલ, સીડીપીઓ હંસાબેન, મોર્કેટયાર્ડ ચેરમેન ગજેન્દ્રસિંહ, તાલુકા પ્રમુખ બંસીલાલ મહેતા, પાલિકાના કાઉન્સીલરો, નગરના આગેવાનો, શિક્ષકો તથા વાલીગણ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે હાજર મહાનુભાવોએ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતુ. તેમજ ડૉ. પ્રકાશભાઈ ગોસ્વામીએ શાળા નં. ૨ માં તિથિભોજન કરાવ્યું હતું. મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી બાળકોને પાયાના શિક્ષણ શ્રેષ્ઠ મળી રહે તેવા સરકારના પ્રયાસોને પ્રોત્સાહન આપવા સૌ કોઈને અપીલ કરી હતી. તેમજ રાજ્યભરમાં યોજાઈ રહેલા પ્રવેશોત્સવથી ભુલકાઓમાં પણ અભ્યાસ પ્રત્યે લગાવ ઉભો થઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું.

## પ્રાંતિજમાં મીટર પરત કર્યાના દોઢ વર્ષ પછી વીજ કંપનીએ બીલ મોકલ્યું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આજથી દોડ વર્ષ પહેલાં મકાનમાલિક દ્વારા પોતાના મકાનનું વિજકનેક્શન કેન્શલ કર્યા પછી પણ અચાનક મીટર બીલ આવતાં મકાન માલિક ચમકી ઉઠ્યા હતા

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નાની ભાગોળ ખાતે રહેતા શાહ ચંદુલાલ ચુનીલાલ દ્વારા દોઢ વર્ષ અગાઉ ચારભાઈના મકાનો આવેલા હતા. અને જેવોએ મકાનો વેચતા પહેલાં સામેવાળાએ મકાન લેતા મકાનને લગતી તમામ સરકારી વેરા લેવડ-દેવડ તથા વિજ મીટર ના જોયતું હોવાથી દસ્તાવેજ પહેલા મીટર પણ મકાન માલિકે ૧૬-૧૧-૨૦૧૩ના રોજ વિજકનેક્શન રદ કરાવ્યુ હતુ. જ્યારે હાલ અહી દોઢ વર્ષથી અન્ય માલિક દ્વારા મકાનો તુટીને ખાલી પ્લોટ છે છતાં તંત્ર દ્વારા અચાનક બીલ આપવામાં આવતા મકાન માલિક ચમકી ગયો હતો ને પોતે બીલ લઈને પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા જીઈબી ઓફીસ ખાતે દોડી ગયો હતો. જી.ઈ.બી. ઓફિસમાં તપાસ કરતાં ખબર પડી કે મીટર તો તા. ૧૬-૧૧-૨૦૧૩માં ગ્રાહક દ્વારા પરત કરાવ્યું છે અને અરજી પણ આપેલ હતી જ્યારે ચાર મકાનોના એક સાથે મીટર જમા કરાવ્યા છતાં બીલ આવતા વિજગ્રાહક ચિંતામાં મુકાયો હતો ને અને છેવટે રકજક કરતાં છેવટે જી.ઈ.બી. દ્વારા ૪૩૯ના બીલમાંથી છેટે ૧૦૦ રૂપિયા તો બિલ પેટે ભરાયા હતા ત્યારે જી.ઈ.બી.ની ભુલ અને રેડીયાર નિતીથી ગ્રાહકને વારંવાર પરેશાનીઓનો સામનો તથા જી.ઈ.બી.ના ધક્કા અને પૈસાનું પણ પાણી થાય છે. ત્યારે યંત્ર યુગમાં પણ જી.ઈ.બી. કંપની હજુ કર્મચારીઓ ઉગતા હોય તેવું લાગે છે અને બીચારા ગ્રાહકોને પણ તેમની ભુલના કારણે પરેશાનીઓ ભોગવવાનો વારો આવ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦